આંક–

સમયગાળો:– વર્ષ માસ દિવસ

(નમુનો:–અ)

| | | |
|---|---|---|
| મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, નલીયા–કચ્છ | | |
| (કે.આર.ગોહેલ)<br>અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,નલીયા–કચ્છ | | |
| ચુકાદાની તારીખ | : | |
| ફોજદારી કેસ નં. | : | ફોજદારી કેસ નં. ૩૮૩/૨૦૨૪ |
| એફ.આઇ.આર.નં. | : | કોઠારા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૫૦૨૩૨૩૦૨૫૨/૨૩ |
| ગુનો | : | આઇ.પી.સી. કલમ ૩૭૯,૪૬૧,૧૧૪ |
| | | |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | ગુજરાત સરકારશ્રી |
| વિદ્વાન એ.પી.પી.શ્રી | : | શ્રી ડી.સી.ઠાકોર |
| આરોપી | : | (૧) કાનજી થારુ કોળી<br>(૨) અસલમ કાસમ સુમરા<br>રહે. સુથરી,અબડાસા, જી.કચ્છ |
| આરોપીના વકીલશ્રી | : | શ્રી એલ.એલ.કટુઆ |

(નમુનો:–બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | તા.૦૧/૧૧/૨૦૨૩ |
| ફરીયાદની તારીખ | : | તા.૨૬/૧૨/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | : | તા.૨૪/૦૪/૨૦૨૪ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | : | તા.૦૮/૦૧/૨૦૨૫ |
| પુરાવો શરુ થયાની તારીખ | : | તા.૦૮/૦૧/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | તા.૧૧/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | તા.૧૧/૦૫/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | |

આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન/સજા નિર્દોષ | સજા | સી.આર.પી.સી. ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાનજી થારુ કોળી | ૦૩/૦૨/ ૨૦૨૪ | | આઇ.પી.સી. કલમ ૩૭૯,૪૬૧, ૧૧૪ | | | |
| ૨ | અસલમ કાસમ સુમરા | ૦૩/૦૨/ ૨૦૨૪ | | -''- | | | |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | સીકંદર મીઠુ સંધાર | ફરીયાદી | ૭ |
| ૨ | નીકેશભાઇ લાલજી મહેશ્વરી | પંચ | ૯ |
| ૩ | કલ્પેશભાઇ પ્રવીણભાઇ રાઠોડ | પંચ | ૧૧ |
| ૪ | જીગર લહેરીલાલ ડુડીયા | પંચ | ૧૨ |
| ૫ | ફકીર હુશેન કોલી | પંચ | ૨૩ |
| ૬ | ગજેન્દ્રસિંહ દાદુભા જાડેજા | સાહેદ | ૧૪ |
| ૭ | જયદીપસિંહ જયપાલસિંહ રાણા | ત.ક.અ. | ૨૫ |
| ૮ | પ્રદીપસિંહ પ્રવિણસિંહ | ત.ક.અ | ૨૭ |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |
| | | | |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |
| | | | |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની

વિગત:–

(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૮ | ફરીયાદ |
| ૨ | ૧૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૩ | અટક પંચનામું |
| ૪ | ૨૮ | અટક પંચનામું |

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| | | |
| | | |

(સી) કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | | – |

–:: ચુકાદો ::–

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૦૧/૧૧/૨૦૨૩ ના કલાક ૦૪/૩૦ થી કલાક ૨૦/૦૦ સુધીના સમયગાળામાં આરોપીઓએ લહેડી ગામની સીમમા આવેલ સુઝલોન કંપનીની પવનચકકી નંબર એમ ૩૦૩ વાળીના કેબીનનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી ૫૦ મીટર ના કેબલ કોપર વાયર નંબર ૨ કીંમત રૂ. ૩૫,૧૦૦/– ની ચોરી કરી લઈ જઈ એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ. સદરુ ગુના અંગે ફરીયાદ ફરીયાદીએ દાખલ કરાવતાં પોલીસે આઇ.પી.સી. કલમ ૩૭૯,૪૬૧,૧૧૪ તથા ઈલેકટ્રીસીટી એકટની કલમ ૧૩૬(૧) અન્વયેનો ગુનો નોધેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપીને અટક કરેલ અને તેઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ તેઓ વિરુધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આ કામે આરોપીઓને સમન્સની બજવણી થયેથી આરોપી હાજર થતાં તેઓને સી.આર.પી.સી. કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપીઓ વિરુધ્ધ આંક–૨ થી તહોમતનામું ફરમાવી આંક– ૩ તથા ૪ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

અત્રે એ હકીકત નોંધવી જરૂરી બને છે કે, આ કામે ત.ક.અ.શ્રીએ આરોપીઓ વિરુધ્ધની ચાર્જશીટમાં ઈલેકટ્રીસીટી એકટની કલમ ૧૩૬(૧) નો ઉલ્લૈખ કરેલ છે. પરંતુ, આરોપીની વિગત દર્શાવતી કોલમમાં કોઈ પણ કોલમમાં આરોપી વિરુધ્ધ ઈલેટ્રીસીટી એકટની કલમ ૧૩૬(૧) નો ઉલ્લેખ કરેલ નથી કે એફ.આઇ.આર.માં પણ આરોપીઓ વિરુધ્ધ ઈલેકટ્રીસીટી એકટની કલમ ૧૩૬(૧) નો ઉલ્લેખ કરેલ નથી. તેમજ, અમારા પુરોગામી ન્યાયધીશશ્રી ધ્વારા તા. ૦૮/૦૧/૨૦૨૫ ના રોજ આંક–૨ થી કરવામાં આવેલ ચાર્જશીટમાં પણ આરોપીઓ વિરુધ્ધ ઈલકટ્રીસીટી એકટની કલમ ૧૩૬(૧) નું કોગ્નીઝન્સ લીધેલ નથી. આમ, આ કામે આરોપીઓ વિરુધ્ધ આઇ.પી.સી. કલમ ૩૭૯,૪૬૧,૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુના સબબ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતાં આરોપીઓનું સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોંધતાં તેઓએ રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી વધુમાં તેઓ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

:: મુદા ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા.૦૧/૧૧/૨૦૨૩ ના કલાક ૦૪/૩૦ થી કલાક ૨૦/૦૦ સુધીના

સમયગાળામાં આરોપીઓએ લઠેડી ગામની સીમમા આવેલ સુઝલોન કંપનીની પવનચકકી નંબર એમ ૩૦૩ વાળીના કેબીનનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી ૫૦ મીટર ના કેબલ કોપર વાયર નંબર ૨ કીંમત રૂ. ૩૫,૧૦૦/- ની ચોરી કરી લઇ જઇ એકબીજાને મદદગારી કરી આઇ.પી.સી. કલમ ૩૭૯,૪૬૧,૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

-:: નિર્ણયો ::-

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

-:: નિર્ણય માટેના કારણો ::-

મુદા નં. ૧:-

(૬) આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવું જોઈએ. આ કામે જ્યારે આરોપી સામે ચોરી કર્યાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આરોપી સામે ચોરીનો ગુનો સાબીત કરવા માટે નીચે મુજબના તત્ત્વો સાબીત કરવા જોઈએ -

કલમ - ૩૭૯ ના આવશ્યક તત્ત્વો .

૧. જગમ મિલકતની ચોરી થઈ,

૨. આ જગમ મિલકત કોઈ વ્યકિતના કબ્જામાં હતી,

૩. આ જગમ મિલકત તે વ્યક્તિના કબજામાંથી ખસેડવામાં આવી,
૪. આ જગમ મિલકત ખસેડવા માટે તેના માલિક અથવા કબ્જદારની સંમ ે તિ ન હતી,
૫. આવું કૃત્ય અપ્રમાણિકપણે કરવામાં આવ્યુ હતુ.

(૭) મુદા નં. ૧ નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરુધ્ધના આક્ષેપોના સ્વરૂપને ધ્યાને લેતાં તથા આરોપી સામેના આક્ષેપીત ગુન્હાની જોગવાઈઓના હાર્દને જોતાં હાલના આક્ષેપ મુજબનો બનાવ આરોપીના ગેરકાયદેસર કૃત્યના કારણે બચાવ પામેલ હોય તેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. સદરહુ કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરુધ્ધનો ગુન્હો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગે કાયદામાં કોઈ માર્ગદર્શન આપવામાં આવેલ નથી પરંતુ દરેક કેસના સંજોગો અને હકીકતોના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેલ છે અને પાછાના સુસ્થાપીત સિધ્ધાંતને ધ્યાને લઈને આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમઆંક-૭ થી ફરીયાદી સીકંદર મીઠુ સંધાર નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તેઓ મીત સિક્યુરીટી સર્વિસમા છેલ્લા પાંચ છ વર્ષથી સિકયોરીટી ઓફીસર તરીકે ફરજ બજાવે છે અને સને ૨૦૨૩મા જયારે તેઓ સુઝલોનમા તેમની સિકયોરીટી ઓફીસર તરીકે નોકરી પર હતા ત્યારે લઠેડી ગામની સીમમા પવનચકકી નં. ૩૦૩ મા કેબીનનો દરવાજાનો નકુચો તુટેલ હતો અને કોપર કેબલ વાયર આશરે ૫૪૦ મીટર જેટલાની ચોરી થયેલાનુ જણાઈ આવેલ, જેથી તેઓએ તરત જ સુઝલોન સીકયોરીટી ઓફીસરને જાણ કરેલ અને આ ચોરીના બનાવ બાબતે કોઠારા પો.સ્ટે. મા

ફરીયાદ આપેલી અને ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવતાં ફરીયાદ આંક–૮ થી રજુ થયેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ચોરી કોણે કરેલ તે હું જણાવી શકું નહી, આવા ચોરીના બનાવો અવાર નવાર બનતા રહે છે, કેટલા મીટર કેબલ ચોરી થયેલો તેની ચોકકસ જાત માહીતી અમોને નથી, ચોરીના બનાવ બાદ બીજા દિવસે સુઝલોન ના એન્જીનીયર આવેલ અને તેઓએ ચેક કરી અમોને જણાવેલ કે ૫૪૦ મીટર જેટલા કોપર કેબલની ચોરી થયેલ, ચોરી થયાના દોઢેક માસ પછી અમોએ ફરીયાદ આપેલી.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૯ થી પંચ નીકેશભાઇ લાલજી મહેશ્વરી નાઓએ તથા આંક–૧૧ થી પંચ કલ્પેશભાઇ પ્રવીણભાઇ રાઠોડ નાઓએ જુબાની આપી બનાવવાળી જગ્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતાં પંચનામું આંક–૧૦ થી રજુ થયેલ છે. આ પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૨ થી પંચ જીગર લહેરીલાલ ડુડીયા નાઓએ તથા આંક–૨૩ થી પંચ ફકીર હુશેન કોલી નાઓએ જુબાની આપી અટક પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતાં પંચનામું આંક–૧૩ થી રજુ થયેલ છે.આ પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે ફરીયાદપક્ષે આંક–૧૪ થી સાહેદ ગજેન્દ્રસિંહ દાદુભા જાડેજા નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તેઓ સુઝલોન કંપનીમાં આઠ મહીનાથી નોકરી કરે છે અને તેમનું કામ પવનચકકીઓની દેખરેખ રાખવાનું છે અને તા. ૦૧/૧૧/૨૩ ના રોજ ધરે હાજર હતા ત્યારે તેમને સીકંદર ભાઇનો ફોન આવેલ કે પવનચકકીના શેલમાંથી કેબલ વાયરની ચોરી થયેલ છે અને પોલીસે નિવેદન લીધેલ.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૪ થી સાહેદ દિપક સત્યનારાયણ સોની નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તેઓ સને ૨૦૧૮ થી ૨૦૨૪ સુધી સુઝલોન કંપનીમાં એન્જીનીયર તરીકે કામ કરતા હતા આ કેસ શાનો છે તે ખબર નથી, તેઓ સુઝલોન કંપનીમાં હતા ત્યારે ધણીબધી ચોરીઓ થયેલ અને આ કઇ ચોરીનો કેસ છે તેની ખબર નથી, અમારી કંપનીમાં સી.સી.ટી.વી. કેમેરા નથી અને ચોરી કરનાર ઇસમ મળી આવતો નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૫ થી ત.ક.અ. જયદીપસિંહ જયપાલસિંહ રાણા નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તા.૨૯/૧૨/૨૦૨૪ ના રોજ તેઓ કોઠારા પો.સ્ટેશન ખાતે થાણા અધિકારી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી સિકંદર મીઠુ સંધાર જેઓ નાઓએ ફરીયાદ આપેલ જે ફરીયાદ કોઠારા ફસ્ટ ગુ.ર.નં.૧૧૨૦૫૦૨૩૨૩૨૫૨/૨૪ ઇ.પી.કો. કલમ–૩૭૯, ૪૬૧, ૧૧૪ મુજબ નોધી પી.એસ.ઓ. તે અંગેની તપાસ પો.કો.ધર્મેન્દ્રસિંહ ઝાલાને સોપેલ જેમણે આરોપીનું અટક પંચનામુ કરેલ અને ત્યારબાદ પી.એસ.આઈ. પી.પી.ગોહિલ તપાસ સંભાળી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ ત્યારબાદ તપાસ ના કાગળોનું અભ્યાસ કરી આરોપીઓ વિરુધ્ધ ગુનો બનતો હોઇ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ચાર્જશીટ કર્યા સીવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૭ થી ત.ક.અ. પ્રદીપસિંહ પ્રવિણસિંહ ગોહીલ નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તારીખ ૨૬/૧૨/૨૦૨૩ ના રોજ તેઓ કોઠારા પો.સ્ટે.મા પો.સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન આઈ.પી.સી. કલમ ૩૭૯ મુજબના ગુન્હા નંબર ૨૫૨/૨૩ વાળો જાહેર થયેલ જે ગુન્હાના કામે તેઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામું કરેલ તેમજ બનાવ અનુલક્ષી સાહેદોના નિવેદનો તેમના રૂબરૂ લેવામાં આવેલ ત્યાર બાદ સદરહુ ગુન્હાના કામેના બન્ને

આરોપીઓએ આગળની તપાસ દરમ્યાન હે.કો. ધમેન્દ્રસિંહ નાઓએ અટક કરેલા જે દરમ્યાન તેમની બદલી થઈ જતા આગળની તપાસ જે.જે.રાણાઓનાઓએ તપાસ સભાળી આ ગુન્હાકામેનુ ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ફરીયાદ અન્વયે કોઇ પણ મુદામાલ અમોએ કબજે કરેલ નથી, ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ મુદામાલ પોતાની માલીકીનો છે તેવો કોઈ પણ આધાર મે મારી તપાસના કામે લીધેલ નથી. આ સીવાય બચાવપક્ષના અન્ય સવાલાનો ઈન્કાર કરેલ છે.

(૧૫). આ કામે ઉપરોક્ત ચર્ચા કરી તે અનુસાર, ફરિયાદ પક્ષ ધ્વારા આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ મુદામાલ પંચનામુ કાયદા મુજબ સાબિત કરવામાં આવેલ નથી. તે સિવાય આરોપીઓ વિરુધ્ધમાં પુરાવો જોવામાં આવે તો તેઓએ પોલીસ તપાસ દરમિયાન પોલીસ અમલદાર સમક્ષ કરેલ "કબુલાત" છે. ત્યારે આ તબક્કે ભારતીય પુરાવા અધિનિયમ, કલમ– ૫ તથા કલમ–૨૫ વંચાણે લેવી જરૂરી છે. કલમ–૫ વંચાણે લેતાં, ફરીયાદપક્ષ કાર્યવાહીમાં "મુદ્ધા માહેની" પ્રત્યેક "હકીકત" તથા એવી અન્ય હકીકતો કે જે અત્રે હવે પછી "પ્રસ્તુત ઘોષિત કરવામાં આવી છે, તેના અસ્તિત્વ કે બિન અસ્તિત્વ વિશે પુરાવો આપી શકશે અને "અન્ય કોઈ વિશે નહીં." એટલે કે કલમ–૬ થી ૫૫ માં જે હકીકતો "પ્રસ્તુત હકીકત" છે તે જ પુરાવો સ્વીકાર્ય બને અને તે યોગ્ય પદ્ધતિથી રજુ કરવામાં આવે તે ગ્રાહય બને. કલમ–૨૫ મુજબ "એક વ્યક્તિ" કે જે કોઈ ગુન્હાનો આરોપી હોય, તેની વિરુદ્ધ પોલીસ અધિકારીને કરવામાં આવેલ કબુલાત "સાબિત" કરી શકાશે નહીં, જેથી આ કામે આરોપી દ્ધારા પોલીસ અમલદાર સમક્ષ પોલીસ તપાસ દરમ્યાન કરવામાં આવેલી કબુલાત પ્રસ્તુત ન હોય તેઓની વિરુદ્ધ સાબિત કરી શકાય નહીં.

(૧૬). આ કામે પડેલ પુરાવો લક્ષમાં રાખી ફરીયાદીની ફરીયાદ હકીકતો વંચાણે લઈ રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરેલ છે.આ કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં આ કામના

ફરીયાદીએ ફરીયાદમાં જણાવ્યા મુજબની જગ્યાએ ચોરી થયેલ હોવાનું અને તે મુજબની ફરીયાદ તેઓએ આપેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે.આ કામમાં બીજા કોઈ નજરે જોનાર સાહેદો હોય અને તેઓનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય તેવું બનેલ નથી.ગુનાનો પ્રકાર જોતાં આ પ્રકારના ગુનાની ઈન્સાફી કાર્યવાહીમાં પોલીસ તપાસ દરમ્યાન આરોપી પાસેથી ચોરીનો મુદદામાલ રીકવર કરવામાં આવ્યો હોય અને તે બાબતનું પંચનામું પોલીસે કરેલ હોય તે મહત્વનો પુરાવો ગણાય. આ કામના રીકવરી પંચો ને તપાસતા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તે સિવાય ચોરીનો બનાવ બનેલ તે સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદો ને પણ સોગંદ ઉપર તપાસવામાં આવતાં તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. જેથી પંચનામું સાબિત થયેલ ન હોય તેની હકીકતો માની શકાય તેમ નથી. આ કામમાં નજરે જોનારા સાહેદો કે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી.એકપણ સાહેદો દવારા પણ ફરીયાદની હકીકતોને સમર્થન આપવામાં આવેલ નથી. તેઓના જણાવ્યા મુજબ ફરીયાદ મુજબની ચોરી થયેલી, પરંતુ હાલના આરોપીને બનાવ સાથે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો તેઓ આપી શકેલ નથી. આમ, આ કામમાં ફરીયાદની હકીકતો મુજબ ચોરી થયેલ મુદામાલ ચોરનાર ઈસમો ને એકપણ સાહેદે ઓળખી બતાવેલ નથી.જેથી મહત્વના તમામ સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોય અને પડેલ પુરાવા પરથી આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયી જણાતું નથી. આ સંજોગોમાં ઉપર કરેલ ચર્ચા અનુસાર ચોરીના બનાવ સાથે હાલના આરોપીને સાંકળી શકાય તેવો સબળ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી શકેલ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતું નથી.

(૧૭). આમ, આ કામે રેકર્ડ પરનો સમગ્ર પુરાવો, ધ્યાને લેતા, ચોરી થયેલ હોવાનું સાબીત થાય છે. પરંતુ, આ ચોરી હાલના આરોપીઓએ જ કરેલી કે કેમ ? તે હકીકત પ્રત્યક્ષ, પરોક્ષ, સાંયોગિક, વૈજ્ઞાનીક કે ઈલેક્ટ્રોનીક પુરાવો દ્વારા સાબીત થયેલ નથી. તે સિવાય આરોપી વિરૂધ્ધમાં માત્ર તેઓએ કરેલ કબુલાત છે. અને તે અંગે ઉપરોક્ત નામદાર સર્વોચ્ચ

અદાલતે કબુલાત અંગે પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતો લક્ષમાં લેતાં, આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરુદ્ધ ફરમાવવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હાઓનું તહોમત જે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧, ૧૦૨(નવા કાયદાની કલમ–૧૦૪,૧૦૫) મુજબ સાબિત કરવાની જવાબદારી તેઓના શિરે છે તે સાબિત કરવામાં એટલે કે, તહોમત મુજબની હકીકત ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩( નવા કાયદાની કલમ–૨) મુજબ સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ ન હોય. આથી. મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી. મુદ્દા નંબર–૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧: આ કામના આરોપી (૧) કાનજી થારુ કોળી ,(૨) અસલમ કાસમ સુમરા,રહે. સુથરી,અબડાસા, જી.કચ્છને સી.આર.પી.સી. કલમ ૨૪૮(૧) અન્વયે આઇ.પી.સી. કલમ ૩૭૯,૪૬૧,૧૧૪ મુજબના ગુનાના આરોપમાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨: ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અગાઉ આપેલ જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૫/૨૦૨૬
નલીયા–કચ્છ.

**(કપીલ રંગલાલ ગોહેલ)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નલીયા–કચ્છ.
કોડ : ૦૧૧૬૨